

માડ઼ની લોકકથા

GUJARATI

પ્રભાત

ચિત્રો: નીલેશ ગેહલોત

# મરઘલીની ભાયલી

Big Little Book Award Winning Author

एकलव्य

## માડ઼ની લોકકથા

રાજસ્થાનના કરૌલી જિલ્લાના ગંગાપુર, બામનવાસ અને નાદૌતીના ગ્રામવિસ્તારને માડ઼ તરીકે ઓળખવામાં આવે છે. આ કાળી માટીનાં ખેતરોવાળો, સુક્કો વિસ્તાર છે. ભારતભરનાં ગામડાંની જેમ આ વિસ્તારમાં પણ લોકસાહિત્યની સમૃદ્ધ પરંપરા છે. અહીં લોકકથાઓ, લોકગાથાઓ અને પૌરાણિક વાર્તાઓને અખાડામાં ગાઈને સંભળાવવામાં આવે છે. લોકકથાઓ પર આધારિત લોકગીતોના ગાયનની અનેક શૈલીઓ પણ અહીં પ્રચલિત છે જે કન્હૈયા, પદ, હેલાખ્યાલ, સુડ્ડા વગેરે નામથી ઓળખાય છે.

માડ઼ની લોકકથાઓમાં હોય છે માડ઼નાં ઝાડ. ઝાડ પર માડ઼નાં પંખી. દૂર-દૂર પાણી ભરવા જતી ઘાઘરી–પોલકાં પહેરેલ માડ઼ની સ્ત્રીઓ અને છોકરીઓ. કાળાં ખેતરમાં કામ કરતાં માડ઼ના લોકો અને આખી આખી રાત ચાલતાં માડ઼ના વંટોળિયા. માડ઼ની લોકકથાઓમાં માડ઼ની ધરતીની વાણી સંભળાય છે.

માડ઼ની લોકકથા

# મરઘલીની ભાયલી


પ્રભાત


ભાષાંતર: બંસી

ચિત્રો: નીલેશ ગેહલોત



एकलव्य ARCH


**બિલ્લીટોપના** જંગલમાં એક મરઘલી રહેતી હતી. એક પાંખા ઝાડ પર તેનું ઘર હતું. પણ ઘરમાં તો તે ફક્ત રાત પૂરતી જ રહેતી. સવારે તે ડાળીઓ પર કૂદમકૂદા કરતી અને પાંદડાં પર હિંચકા ખાતી. બપોરે ખાવા-પીવા માટે જુવાર-બાજરીનાં ખેતરો ભણી ઊડી જતી, તો સાંજે આકાશમાં ચક્કર માર્યે રાખતી.





એ જંગલમાં જીવજંતુ અને બીજાં જનાવર પણ રહેતાં હતાં. મરઘલી તો બધાં સાથે ખૂબ વાતો કરતી. ત્યાં જ એક વિશાળ ઝાડનાં જાડાં જાડાં મૂળિયાંની વચ્ચે એક નાનકડું દર હતું. નાનકડા ભોંયરા જેવું એ દર એક ઉંદરડીનું ઘર હતું. ઝાડ પર બેઠી મરઘલી જોયા કરતી કે ઉંદરડી વારંવાર દરમાં ઘૂસી જાય છે અને બહાર નીકળે છે.






એક દિવસ મરઘલીએ કહ્યું, “જેમ જોતાકમાં તું ભોંયમાં છૂ થઇ જાય છે, એવું કરવાનું તું મને શીખવી દઈશ?”

“હું શું જાણું...” ઉંદરડી બોલી.



“અલી, તારા દરમાં ઊડવાની જગ્યા છે કે?” મરઘલીએ વધુ એક સવાલ કર્યો.

“અમ્.મ્... ઊડવાની તો નથી પણ ચાલવા–ફરવાની છે. તારે જો ખાલી હરવા–ફરવા આવવું હોય તો કહી દેજે.” ઉંદરડી બોલી.



આમ વાતો વાતોમાં જ બંનેની દોસ્તી વધી. અને પછી તો બંને પાક્કી *ભાયલી* થઈ ગઈ.

“હું તો નદીએ ચાલી પાણી પીવા. આ... ફુરર કરતી ગઈ અને ફુરર કરતી આવી.”

“પાણી તો મારેય પીવું છે, પણ કરવું શું?” ઉંદરડી બોલી.

“કંઈ ના કર. તારે તો જવા-આવવામાં જ કેટલી વાર લાગશે. આ ખાબોચિયામાંથી પી લે, રોજ આમાંથી જ પીએ છે ને.”

“એ તો ઠીક છે... પણ ચાલ તારી સાથે જ આવી જાઉં.” કહીને ઉંદરડી મરઘલીની સાથે નીકળી પડી.

નદી પર પહોંચીને મરઘલીએ તો પાણી પી લીધું. પણ ઉંદરડી જેવી પાણી પીવા ગઈ, એવી લપસી અને નદીમાં તણાવા માંડી. એક ઝપાટામાં જ મરઘલીએ ચાંચથી પૂંછડી પકડીને એને બહાર કાઢી.



“હું ના હોત, તો આજે તું મરી જ જવાની હતી.” મરઘલી ખિજવાઈ.

“ક્યાં મરી જતી હતી? હું તો નદીમાં તરવા પડી‘તી. ઘડીકમાં પાછી આવી જાત. તારે વચ્ચે કૂદવાની ક્યાં જરૂર હતી?” ઉંદરડીએ એવો તમતમતો જવાબ દીધો કે બિચારી મરઘલીનું મોઢું પડી ગયું.



“હું તો લીલાં લીલાં ઝાડવાંની *ઝિટ્ટીઓમાં* રાતાં રાતાં બોર ખાવા જાઉં છું. આ... ફુરર કરતી ગઈ અને ફુરર કરતી આવી!”

“ઠીક છે, હું પણ આવું છું.” એમ કહીને ઉંદરડી પણ સાથે ચાલી પડી.

મરઘલી તો એક ઝાડવાથી ઊડીને બીજા ઝાડવે જાય, અને વીણી વીણીને મીઠાં બોર ખાય. ઉંદરડી બોરડીમાં ચડવા ગઈ તો એના કાનમાં કાંટા ઘૂસી ગયા!





મરઘલીએ જોયું કે ઉંદરડી ઝાડવામાં ફસાઈ ગઈ છે અને
દુખાવાથી ચીસો પાડે છે. મરઘલી સટાસટ ત્યાં પહોંચી
ગઈ. અને ચાંચ વડે કાંટામાંથી ઉંદરડીનો કાન છોડાવ્યો.




"હું ન હોત તો આજે તારા રામ જ રમી જાત.
થોડીક જ વારમાં કાગડાઓ તને ઉપાડી જાત."
મરઘલી બોલી.


"હું જાણી જોઈને ત્યાં કાન વિંધાવવા રોકાઈ હતી,
બુટ્ટી પહેરવા માટે. તું કેમ વચ્ચે કૂદી પડી? હું આવી
જ જાત ને?"

ઉંદરડીએ એવો તમતમતો જવાબ આપ્યો
કે બિચારી મરઘલીનું મોઢું ઊતરી ગયું.

“અરે! જો પેલા ધૂળિયા રસ્તે મજાનું ગાડું જઈ રહ્યું છે. હું તો જઈને તેના પર *મૌજી* ખાઈશ. આ... ફુરર કરતી ગઈ અને ફુરર કરતી આવી.” મરઘલી બોલી.



“તો પછી ઠીક છે, હું પણ સાથે આવીશ.”
એમ કહીને ઉંદરડી પણ મરઘલી સાથે ઊપડી.







મરઘલી તો ગાડા પર બેસીને *હુમચતી હુમચતી* ઝૂલવા માંડી. પણ ઉંદરડી ચાલતા ગાડે ચડવા ગઈ તો દબાઈ ગઈ પૈડા નીચે!

મરઘલીએ જોયું કે એની ભાયલી બેભાન થઈને ધૂળમાં પડી છે. તે ઊડતી ઊડતી ત્યાં આવી. એણે ઉંદરડીને આમતેમ હલાવી. બાજુમાં વહેતી નહેરમાંથી પાણી લાવીને ઉંદરડી પર છાંટ્યું. ધીમે ધીમે ઉંદરડી ભાનમાં આવી. ભાન આવતાવેંત ઉંદરડી ઠેકડો મારીને બેઠી થઈ ગઈ.

“હું ના હોત તો આજે તારો જીવ જ નીકળી જાત. ધૂળમાં બેભાન પડી હતી. કોક સમડી ઉપાડી જાત તને.” મરઘલી બોલી.


“જો, મને કમર દુખતી હતી. એ દબાવવા માટે હું જાતે જ જઈને પૈડા નીચે પડી‘તી. તું કેમ વચ્ચે કૂદી પડી? હું આવી જ જાત ને?” ઉંદરડીએ એવો જવાબ આપ્યો કે બિચારી મરઘલીનું મોઢું વિલાઈ ગયું.





તો બંને વચ્ચે આવાં બહેનપણાં હતાં.
એકબીજા સાથે બહુ બનતું નહીં, તોય
એકબીજા વિના રહી શકતી પણ નહોતી.

## એકલવ્ય, ભોપાલ અને આર્ચ, ધરમપુર દ્વારા સહપ્રકાશિત અન્ય ચિત્રવાર્તાઓ અને ચિત્રકવિતાઓ




### *શિયાળ અને મોર*

FCCI 2020ના પબ્લિશિંગ એવોર્ડ અંતર્ગત સ્પેશ્યલ જૂરી એવોર્ડથી સન્માનિત, પ્રભાત દ્વારા પુનઃલિખિત માડ્ની લોકકથા सियार और मोर હવે ગુજરાતીમાં! શિયાળ અને મોરની દોસ્તીથી શરૂ થતી આ વાર્તામાં ડોસી, રીંછ અને વાછરડાનો સામનો થાય છે શિયાળ સાથે. પછી દિવસની થાય છે રાત, રાતનો થાય છે દિવસ પણ શિયાળની આ વાર્તા પૂરી... થાય છે કે નહીં? જાણવા માટે વાંચો!

લેખક: પ્રભાત
ચિત્રો: મયૂખ ઘોષ
કિંમત: ₹90.00
ISBN: 978-81-19771-46-2

### *ગીતની કમાલ*


એક ગામમાં એક સ્ત્રી પરેશાન છે. કેમ? કેમ કે તેને એક્કેય ગીત નથી આવડતું. તો શરુ થાય છે ગીત માટે ભાગંભાગ. આખરે તેને એક ગીત મળી જ જાય છે અને એ પણ કમાલનું! કેવી રીતે મળ્યું ગીત અને શું કમાલ કરી આ ગીતે? જાણવા માટે વાંચો કે સાથે-સાથે ગાઓ... લોભામણા ચિત્રો વાળી બુન્દેલખંડી લોકકથા.

ચિત્રો: જીતેન્દ્ર ઠાકુર
કિંમત: ₹150.00
ISBN: 978-81-19771-66-0



*ફેરિયા*

ગામ હોય કે શહેર, શેરીએ શેરીએ જાતભાતની વસ્તુઓ લઈને આવતા ફેરિયા રોજિંદા જીવનનો ભાગ બની જાય છે. સુશિલ શુક્લની કવિતાને આગળ ધપાવતાં નીલેશ ગેહલોતના વૉટરકલર કરાવે છે એક જુદા જ વિશ્વની સહેલ! વાંચો અને માણો.




લેખક: સુશીલ શુક્લ
ચિત્રો: નિલેશ ગેહલોત
કિંમત: ₹150.00
ISBN: 978-81-963643-3-5




*અચ્છા માસી, અલવિદા!*

પ્રભાત બાળસાહિત્યના જાણીતા અને સંવેદનશીલ લેખક છે. તેમણે માડ઼ની લોકકથાઓને પોતાના શબ્દોમાં પરોવી છે. તે શ્રેણી અંતર્ગત આ છે બીજી એક લોકકથા અચ્છા માસી, અલવિદા! જેમાં ભેંસના પોદળામાં ફસેલી ચકલી બચાવે છે બિલાડીથી પોતાનો જીવ! પણ કેવી રીતે? વાંચો સુનીતાના અનોખા ચિત્રોવાળી આ મઝાની વાર્તા.

લેખક: પ્રભાત
ચિત્રો: સુનીતા
કિંમત: ₹90.00
ISBN: 978-93-94552-87-6

*પડછાયાનો ખેલ*

છોકરીનો નટખટ પડછાયો એના ચાળા પાડે છે. બંને સાથે બેસે અને સાથે ચાલે, સાથે કૂદે અને સાથે જ નાચે! તેનો પડછાયો કરે છે કેવા કેવા ખેલ? તે ચાલો જોઈએ.




લેખક: ઇનદ્ુ નાયર
ચતિ્રો: વસુંધરા અરોડા
કમિત: ₹110.00
ISBN: 978-81-963643-5-9

# મરઘલીની ભાયલી

MARAGHLEENI BHAYLI

વાર્તા: પ્રભાત
ગુજરાતી ભાષાંતર: બંસી
સંપાદકીય સહયોગ: મહેન્દ્ર ચોટલિયા, આર્ચ ટીમ
ચિત્રો: નીલેશ ગેહલોત

*જ્યારે જ્યારે હું સંકટમાં આવ્યો અને ઉંદરડીની જેમ મરવાનો હતો ત્યારે જેમણે મરઘલીની જેમ દરેક પ્રકારની મદદ કરી મને બચાવી લીધો. એવા પ્રિય મિત્ર રવિકાંત તોષનીવાલને સાદર સમર્પિત.*

- પ્રભાત

મૂળ એકલવ્ય દ્વારા પ્રકાશિત હિન્દી વાર્તા 'चिड़िया की भाएली' નું ગુજરાતી ભાષાંતર.
Gujarati translation of the story 'Chidiya ki Bhayli' published in Hindi by Eklavya.

વાર્તા: પ્રભાત, જાન્યુઆરી 2020
ગુજરાતી ભાષાંતર: એકલવ્ય ફાઉન્ડેશન, ફેબ્રુઆરી 2024
આ પુસ્તક ક્રિએટિવ કૉમન્સના Attribution-Non-commercial-NoDerivatives 4.0 International (CC BY-NC-ND) લાયસન્સ અંતર્ગત છે, જેનું સંપૂર્ણ વિવરણ https://creativecommons.org/licenses/by-nc-nd/4.0/ પર ઉપલબ્ધ છે.
ક્રિએટિવ કૉમન્સ લાયસન્સ અંતર્ગત આ વાર્તાનો બિન-ધંધાકીય શૈક્ષણિક હેતુ માટે ઉપયોગ કરી શકાશે. ઉપયોગ કરનારે મૂળ સ્રોત તરીકે લેખક તથા પ્રકાશકનો ઉલ્લેખ કરવો તથા તેમને સૂચિત કરવા આવશ્યક છે. અન્ય કોઈ પણ પ્રકારના ઉપયોગ માટે પ્રકાશકનો સંપર્ક કરવો.

© ચિત્રો: નીલેશ ગેહલોત, જાન્યુઆરી 2020

પ્રથમ સંસ્કરણ: ફેબ્રુઆરી 2024 / 1000 નકલ
કાગળ: 100 gsm મૅટ આર્ટ અને 220 gsm પેપર બોર્ડ (પૂંઠું)
ISBN: 978-81-19771-32-5
કિંમત: ₹ 90.00

સહપ્રકાશક:

**એકલવ્ય ફાઉન્ડેશન (Eklavya Foundation)**
જમનાલાલ બજાજ પરિસર, જાટખેડી,
ભોપાલ - 462 026 (મધ્ય પ્રદેશ)
ફોન: +91 755 - 297 7770, 71, 72
www.eklavya.in

**આર્ચ (ARCH)**
નગારિયા, ધરમપુર.
વલસાડ - 396 050 (ગુજરાત)
ફોન: +91 98256 51341
ઈમેલ: arch.dharampur@gmail.com

મુદ્રક: આર કે સિક્યુપ્રિન્ટ પ્રા. લિ., ભોપાલ, ફોન +91 755 268 7589

## વાર્તામાં આવેલા માડ઼ના શબ્દો:

ભાયલી – દોસ્ત

ઝિટ્ટીઓ – એકબીજામાં અટવાયેલા ઝાડ

મોજી – હિંચકો ખાવો

હુમચતી – હડદોલા ખાતી


**પ્રભાત**

રાજસ્થાનના કરૌલી જિલ્લામાં જન્મ. શિક્ષણક્ષેત્રમાં સ્વતંત્ર કાર્ય. બાળકો માટે ગીતો, વાર્તાઓ, કવિતાઓ અને નાટકોનાં વીસથી પણ વધુ પુસ્તકો પ્રકાશિત. *યુવા કવિતા સમય સમ્માન* 2012 અને *સર્જનાત્મક સાહિત્ય પુરસ્કાર* 2010.

**નીલેશ ગેહલોત**

નીલેશ ફાઈન આર્ટ્સમાં સ્નાતક છે અને તેમણે રિયાઝ ઍકેડેમી, ભોપાલથી બાળકો માટેનાં ઈલસ્ટ્રેશનનો કોર્સ કર્યો છે. તેમને બાળપણથી જ ચિત્રકળામાં રુચિ છે. નીલેશ છેલ્લા 8-9 વર્ષોથી બાળકો માટેનાં પુસ્તકો તથા સામયિકો માટે ચિત્રો બનાવી રહ્યા છે.

મરઘલી અને ઉંદરડી એવી ભાયલીઓ  હતી જેમને બહુ બનતું નહીં. બંને એકબીજા વગર રહી પણ નહોતી શકતી. એવું શું છે જે બંનેની દોસ્તી જાળવી રાખે છે...

एकलव्य ARCH

કિંમત: ₹ 90.00

9 788119 771325